## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો, હું અપક્ષ ઉમેદવાર તરીકે એટલે ઊભો રહ્યો છું... કે મતદાર તરીકે મને આ લોકોએ કહ્યા તેટલા રૂપિયા ક્યારેય આપ્યા નહીં, એટલે નાછૂટકે મારે આ પગલું લેવું પડ્યું.

# શહેરમાં આકરા ઉનાળાનો પ્રારંભ : પારો ૪૦ ડિગ્રી

## દિવસ દરમિયાન પડતો આકરો તડકો : વસાહતીઓએ ઠંડક મેળવવાના પ્રયાસો શરૂ કર્યા

ગાંધીનગર, તા. ૨૮

માર્ચ માસના અંતિમ દિવસોમાં ગરમી તેનુ અસલી સ્વરૂપ બતાવી રહી છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી પર પહોંચી જતાં હવે ઘરની બહાર નીકળવુ દુષ્કર થવા માંડ્યું છે. ગરમ પવન વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યાં છે.

ગરમી ધીમે ધીમે વધી રહી છે. હોળી બાદ વધી રહેલી ગરમી હવે તેનો અસલી મિજાજ બતાવી રહી છે. ઉનાળાના ખરાં દિવસોનો પ્રારંભ થયો છે. તાપમાનનો પારો ધીમે ધીમે વધી રહ્યો છે. હજુ સુધી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નીચે રહ્યુ હતુ જેના કારણે ગરમી સહન થઈ શકતી હતી પરંતુ આજે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા આકરી ગરમી અનુભવાઈ રહી છે. આજે તો સવારથી જ તડકો આકરો બન્યો હતો. ગરમીએ વાહનચાલકો અને રાહદારીઓને હેરાન પરેશાન કરી મુક્યા હતા. બપોરે તો એટલી બધી ગરમી અનુભવાતી હતી કે ઘર કે ઓફીસની બહાર નીકળી શકાતુ ન હતુ. છેક સુર્યાસ્ત બાદ થોડીક રાહત અનુભવાઈ હતી.

ઉનાળાએ તેનો આકરો મિજાજ બતાવવો શરૂ કરી દીધો છે. લઘુત્તમ તાપમાન પણ ૨૧.૨ ડિ.સે. જેટલુ થઈ જતાં રાત્રે પણ ખૂબ જ ગરમી અનુભવાય છે. ગરમીથી રાહત મેળવવાના ઉપાયો વસાહતીઓએ શરૂ કરી દીધા છે. છાશ અને લીંબુ શરબતનું વેચાણ ખૂબ વધી ગયું છે. આઈસક્રીમ સહિતની ઠંડક આપતી ચીજવસ્તુઓનું વેચાણ પણ વધ્યુ છે. હાથમોજા, રૂમાલ, ટોપી અને સ્કાર્ફનું વેચાણ પણ વધી રહ્યુ છે. હજુ તો ઉનાળાનો પ્રારંભ જ થયો છે. ધીમે ધીમે ગરમી વધશે. આગામી દિવસોમાં પારો ૪૧-૪૨ ડિગ્રી સુધી જવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# સે-૧૨ના રહીશને પાડોશી ચપ્પુ લઈને મારવા દોડ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ છ ટાઈપ ખાતે રહેતા એક રહીશને સામાન્ય બાબતે પાડોશી પીધેલી હાલતમાં ચપ્પુ લઈને મારવા દોડ્યો હતો અને રહીશને જાતિ વિષયક શબ્દો બોલતા રહીશે સે-૭ પોલીસ મથકમાં પીધેલા પાડોશી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ છ ટાઈપ ખાતે રહેતા કમલેશભાઈ રમણભાઈ ચૌહાણ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વેપાર કરે છે. ગત તા. ૨૬ માર્ચના રોજ રાત્રે પોણા નવ વાગ્યાના અરસામાં તેઓ જમીને સે-૧૨ ના ચીપ ટાઈપ શોપીગમાં આવ્યા હતા. જયાં તેમને બાજુના બ્લોકમાં રહેતા પૃથ્વીસિંહ અશોકસિંહ સિસોદીયા ભટકાયા હતા. જેથી ફરીયાદીએ કેમ મને ભટકાવો છો કહેતા જ પૃથ્વીસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને ખિસ્સામાંથી ચપ્પુ કાઢી જાતિ વિષયક શબ્દો બોલ્યા હતા. જે બાદ તે હુ તને જાનથી મારી નાખીશ કહીં ચપ્પુ લઈને પાછળ દોડ્યો હતો. જેને પગલે ગભરાઈ ગયેલા ફરીયાદીએ સે-૭ પોલીસ મથકમાં આવી ગયા હતા. આ ઘટના અંગે જાણ કરવામાં આવતા પોલીસે પીસીઆર વાન મોકલીને આરોપીને પીધેલી હાલતમાં પકડીને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. તા. ૨૬ માર્ચના રોજ રાત્રે આરોપી પૃથ્વીસિંહ સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધાયો હતો. જો કે આરોપી પોતાને કંઈ નુકશાન ન પહોંચાડે તે માટે કમલેશભાઈએ તા. ૨૭ માર્ચના રોજ જાતિ વિષયક શબ્દો અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે એટ્રોસીટીની ફરીયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર-૨૬ કિસાનનગરમાં છ માસથી સ્ટ્રીટલાઈટો શોભાના ગાંઠિયા સમાન

ગાંધીનગર, તા. ૨૮

એક તરફ શહેરમાં ચૂંટણીઓનો માહોલ ધીમે ધીમે રંગ પકડી રહ્યો છે અને નેતાઓ તથા રાજકીય અગ્રણીઓ મતદારોને અવનવા વચનો આપી રીઝવવા પ્રયાસ હાથ ધરી રહ્યાં છે. જ્યારે બીજી તરફ શહેરની જુની વસાહતોમાં પણ પાયાની સુવિધાઓમાં બેદરકારીના કારણે પ્રજા ત્રસ્ત જોવા મળી રહી છે. રાજ્યના પાટનગરમાં જ્યારે ગ્લોબલ ટ્રેડ શો કે વાઈબ્રન્ટ સમિટ હોય ત્યારે ચોતરફ રાતોરાત રંગબેરંગી રોશનીનો ઝગમગાટ ખડકી દેવામાં આવે છે પરંતુ સેક્ટર-૨૬ના કિસાનનગર જ્યાં નાગરિકો વર્ષોથી રહે છે ત્યાં છેલ્લાં છ એક માસથી સ્ટ્રીટલાઈટો બંધ બાલતમાં હોવાને કારણે અસંખ્ય પરિવારો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે પરંતુ તંત્રને આ સમસ્યા ઉકેલવામાં જાણે કોઈ રસ જ નથી તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

શહેરના સેક્ટર-૨૬માં કિસાનનગર ખાતે પ્લોટ નં. ૫૫૯/૨ નજીકના વિસ્તારમાં




અનેક વીજપોલ માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીને રહી જવા પામ્યાં છે. વીજ પોલ નં. ૨૬ડી/૦૧૭ અને ૨૬ડી/૦૧૮ સહિત કેટલાક થાંભલાઓ પરતો એલઈડી લાઈટો ચામાચિડીયાની જેમ લટકી રહી છે. આ વિસ્તારમાં રહેતા રહીશોના જણાવ્યા મુજબ આશરે છ માસ જેટલા સમયગાળાથી અહીં સ્ટ્રીટલાઈટની આવી હાલત હોવાને કારણે રાત્રિના સમયે બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો ઉપરાંત પોતાના નોકરી-વ્યવસાય માટે રાત્રિના સમયે ઘરે પરત ફરતા નાગરિકો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. રહીશોના જણાવ્યા મુજબ આ બાબતે અનેક ફરિયાદો કરવા છતાં હજુ સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી અને ફરિયાદો તંત્રના બહેરાં કાને અથડાઈ પાછી ફરી રહી છે અને આ વિસ્તારના સ્થાનિક નગરસેવકો સુદ્ધાં આ સમસ્યાને ઉકેલવામાં સફળ રહ્યાં નથી. આ સ્થિતિમાં નાગરિકોમાં રોષની લાગણી પ્રર્વતવી સ્વાભાવિક છે અને સત્વરે આ સમસ્યા ઉકેલાય તેવી અપેક્ષા રહીશો રાખી રહ્યાં છે.

# વાવોલ ગામનો યુવાન સ્વાઈન ફ્લુમાં સપડાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૫૧ થઈ છે.

મળતી વિગતો મુજબ વાવોલના એક ૩૦ વર્ષીય યુવાનને આજે સ્વાઈન ફ્લુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૫૧ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૨૧, દહેગામમાં ૧૨, માણસામાં નવ અને કલોલમાં નવ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૫૦ દર્દીઓ સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# કોબા પ્રેક્ષા વિશ્વ ભારતી પાસે કારનો અકસ્માત સર્જાયો

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબા પ્રેક્ષા વિશ્વ ભારતી પાસે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર બસ સ્ટેન્ડમાં ઘુસી ગઈ હતી. જેને પગલે બસ સ્ટેન્ડને નુકશાન થવા પામ્યું હતું. જયારે કારમાં સવાર ને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને અકસ્માત નિહાળવા મોટીમાત્રામા વાહનચાલકો ઉભા રહી ગયા હતા.



# સેકટરોના એપ્રોચ રસ્તાઓ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ જોખમી

## એપ્રોચ માર્ગ પર વધતી વાહનોની અવરજવરને ધ્યાને લઇ માર્ગ સલામતીના પરિબળોનુ આયોજન થતુ નથી

ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. પરંતુ હજુ સુધી સેકટરોના આંતરિક માર્ગોના સરફેસીંગની કામગીરી પણ પુર્ણ થઈ શકી નથી. જયારે મુખ્યમાર્ગો પરના ક્રોસ રસ્તાઓ પણ યથાવત છે. ત્યારે સેકટરોને જોડતા એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક બનાવાની યોજના પણ વિસરાઈ છે. સેકટરોના પ્રવેશદ્વાર સમા આ માર્ગો પર માર્ગ સલામતી જોખમાઈ છે. નગરમાં ટ્રાફિક સિગ્નલ પણ શરૂ કરી દેવાયા છે. ત્યારે રસ્તાઓના વાઈડનીંગ સંદર્ભે પણ આયોજન થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી બની છે. નગરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ વાહનો દોડી રહ્યા છે. નગરમાં ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવાયા છે. પરંતુ હજુ પણ સેકટરોના પ્રવેશદ્વાર સમા એપ્રોચ માર્ગ પર માર્ગ સલામતી જોખમાયેલી સ્થિતિમાં છે. સેકટરોના એપ્રોચને ફોરટ્રેક બનાવાની યોજના હજુ અધ્ધરતાલ છે. શહેરમાં અગાઉ ફુટપાથ નિર્માણનુ કામ હાથ ધરાયુ ત્યારે પણ સેકટરોના એપ્રોચને ફોર ટ્રેક બનાવાની યોજના અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના મુખ્યમાર્ગો પરથી સેકટરોમાં આવતા વાહનોની સંખ્યા પણ વિશેષ છે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગ પરથી મુખ્યમાર્ગો પર આવતા વાહનો પણ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. નગરના ક્રોસ રસ્તાઓ બંધ કરાયા નથી. ત્યારે સેકટરોના પ્રવેશદ્વાર સમા એપ્રોચ માર્ગોને પણ યોગ્ય કરવા અનિવાર્ય છે. અગાઉ સેકટરોના એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક કરવા માટે આયોજન કરાયુ હતુ. જયારે આ માટે ખાસ દરખાસ્ત પણ તૈયાર કરી વિભાગને મોકલવામાં આવી હતી. આ દરમિયાન રીક્ષા સ્ટેન્ડ માટે પણ પોઈન્ટ નિયત કરાયા હતા પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન થઈ શકયુ નથી. નગરના મુખ્યમાર્ગોને સિકસલે બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ ઘણાં ઠેકાણે સેકટરોને જોડતા એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવાની યોજના પુર્ણ થઈ નથી.

# સેકટર-૨માંથી ઘર પાસેથી પલ્સર બાઈક ચોરાયું

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ સી પ્લોટ નં. ૯૩૯-૨ ખાતે રહેતા જશવંતભાઈ ઈશ્વરભાઈ પંડ્યા ગુજરાત ટુરીઝમમાં પ્યુન તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૨૪ માર્ચના રોજ તેઓ પોતાનું પલ્સર બાઈક નં. જી.જે.૧૮.સી.એસ.-૩૪૫૩ ઘર પાસે પાર્ક કરીને સુઈ ગયા હતા. ઘર પાસે પાર્ક કરેલું બાઈક સવારે ૭ કલાકે ઉઠીને જોયું તો ગાયબ હતું. બાઈક અંગે આસપાસ બે દિવસ શોધખોળ કર્યા બાદ આખરે તેમણે પોતાના રૂ.૭૦ હજાર કિંમતના બાઈકની ચોરી અંગે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સીટી બસ નિયત સ્ટેન્ડથી રોડ પર વચ્ચે સ્ટોપ થતા માર્ગ સલામતી જોખમમાં

## રોડ વચ્ચે બસ ઉભી રાખવામાં આવતા મહીલાઓ તેમજ સિનિયર સીટીઝન્સને વિશેષ હાલાકી : બસમાં બેસવાનુ પણ જોખમી પુરવાર થાય તેવી દહેશત

ગાંધીનગર તા ૨૮

શહેરમાં દોડતી સીટી બસ તેમજ એસ ટી શહેરી રૂટની બસ નિયત સ્ટોપના બદલે આગળ જઈને માર્ગ વચાળે ઉભી કરી દેવાતા મુસાફરોની માર્ગ સલામતી જોખમાઈ છે. સ્ટોપ કરતા દુર બસ ઉભી રાખવામાં આવતા સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓએ વિશેષ હાડમારી વેઠવી પડે છે.

શહેરમાં જોખમાતી માર્ગ સલામતી વચ્ચે રીક્ષા સ્ટેન્ડ માટે જગ્યા નિયત થઈ નથી. જયારે શહેરના વિવિધ માર્ગો પર એસ ટી બસ સહીત સીટી બસ પણ નિયત સ્ટોપ કરતા આગળ માર્ગ વચાળે જ ઉભી રહેતા મુસાફરોની સલામતી સામે પણ મોટો પ્રશ્ન મંડરાયો છે. જોખમાતી માર્ગ સલામતી પાછળ આ કારણ પણ મુખ્ય જવાબદાર હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા




છે. સીટી બસના ચાલકો મનસ્વી રીતે સ્ટોપ કરતા મુસાફરોએ બેફામ દોડતા વાહનો વચ્ચે માર્ગ વચાળે જઈ બસમાં બેસવુ પડે છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત કરવાનો મામલો પણ અધ્ધરતાલ છે. જેના લીધે મુખ્યમાર્ગો પર વોક વેની બાજુમાં ગમે ત્યાં રીક્ષા ઉભી રહી જાય છે. આવા સંજોગોમાં અકસ્માતની સંભાવના પણ વધી જાય છે બીજીતરફ રીક્ષાની સાથે બેફામ દોડતી સીટી બસ પણ નિયત સ્ટોપ પર ઉભી રહેતી નથી. નિયત સ્ટોપથી આગળ માર્ગ વચાળે બસ સ્ટોપ કરતા મુસાફરોએ બસમાં બેસવાનુ પણ જોખમી પુરવાર થાય તેવા દ્રશ્યો સર્જાય છે. આ મામલે અનેકવાર મુસાફરોએ પણ રજુઆત કરી છે. એસ ટી બસના કિસ્સામાં પણ બસ સ્ટોપ પર ઉભા રહેવાના બદલે ઘણીવાર આગળ ઉભી રહેતા મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ માટે વિશેષ મુશ્કેલી સર્જાય છે. આવા સંજોગોમાં લાંબા સમય સુધી બસની રાહ જોતા મુસાફરો બસ આવે ત્યારે બસ સેવાનો લાભ પણ લઈ શકતા નથી. એસ ટી તેમજ સીટી બસના સંચાલકોએ નગરજનોને બસ સુવિધાનો લાભ લેવા માટે માર્ગ સલામતીની દ્રષ્ટીએ આ જોખમી સ્થિતિનો સામનો ન કરવો પડે તેનો વિશેષ ખ્યાલ રાખવો જોઈએ તેવી પણ બુલંદ માંગ ઉઠવા પામી છે.

# વડોદરા ગામમાંથી જુગાર રમતા ૬ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૮

ડભોડા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે વડોદરા ગામે જોગણી માતાના મંદિર પાસે ખુલ્લા ખેતરમાં બેટરીના અજવાળે કેટલાક ઈસમો ભેગા મળીને હારજીતનો જુગાર રમી રહ્યા છે.



પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા મનુજી બાબુજી ઠાકોર, ઉં.વ.૩૫ રહે.વડોદરા, આંબુજીનો વાસ, તા.જી.ગાંધીનગર, પરેશ પશાભાઈ પટેલ ઉં.વ.૩૫ રહે.વડોદરા, પરબડી સામે, ગાંધીનગર, જગતસિંહ કાળુસિંહ ડોડીયા ઉં.વ.૨૦ રહે.વાંકાનેરડા, દરબારવાસ તા.જી.ગાંધીનગર, સુમનભાઈ કાનાજી ઠાકોર ઉં.વ.-૨૨ રહે.વાંકાનેરડા, ચાંમુડા માતાનો વાસ તા.જી.ગાંધીનગર, મહેશ કાળાજી ઠાકોર ઉં.વ.૫૦ રહે.વડોદરા માલાજીનો વાસ તા.જી.ગાંધીનગર અને પૂનાજી નાનાજી ઠાકોર ઉંવ.૩૦ રહે.વડોદરા ગામ ઈન્દીરાનગર તા.જી.ગાંધીનગરને રોકડ રૂ. ૧૩,૦૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# ગાંધીનગરમાં રવિવારે રાજપૂત મહિલા કોન્ફરન્સ યોજાશે

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ અને ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા ગાંધીનગર ટાઉનહોલ ખાતે આગામી તા.૩૧ માર્ચને રવિવારના રોજ દ્વિતિય રાજપૂત મહિલા કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં સમગ્ર રાજયમાંથી અંદાજીત ૧૫૦૦ થી વધુ રાજપૂત સમાજની મહિલાઓ હાજર રહેશે. કોન્ફરન્સમાં રાજપૂત સમાજની સંસ્કૃતિનું જતન, દિકરીઓને ભણવા તેમજ ભવિષ્યના પ્રશ્નો અને પડકાર મામલે ચર્ચા વિચારણા કરવામાં આવશે. જયારે આગામી લોકસભાની ચુંટણીમાં ગુજરાતના તમામ રાજપૂત સમાજના પરિવારના સભ્યોને મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા વર્ષ ૨૦૧૪ માં શહેરમાં પ્રથમવાર મહિલા કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આજના સમયમાં સમાજ ઘડતર અને રાષ્ટ્ર ઘડતરમાં મહિલાઓની પણ મુખ્ય ભુમિકા રહેલી છે. તેમાં રાજપૂત સમાજની મહિલાઓનું પણ યોગદાન જરુરી નહીં પરંતુ આવશ્યક છે. ત્યારે આજે સમય બદલાયો છે રાજપૂત સમાજની




મહિલાઓ પણ સમયની સાથે સાથે કદમ મિલાવીને આગળ વધે તે માત્ર સમાજ માટે જ નહી પરંતુ રાષ્ટ્ર માટે પણ જરુરી બન્યું છે. કોન્ફરન્સનું ઉદ્ઘાટન સવારે ૧૦ કલાકે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવશે. આ અંગે ગાંધીનગર રાજપૂત મહિલા મંડળના પ્રમુખ સુશીલાબા આર.જાડેજાએ જણાવ્યું કે આજના સમયમાં ક્ષત્રિય રાજપૂત સમાજ માટે અનેક પડકારો ઉભા છે. તેમાં પણ મહિલાઓ માટે નોકરી વ્યવસાયથી લઈને દિકરીઓને ભણાવવા, બાળકોનું ઘડતર, તપસ્વીનીઓ, નિરાધાર, અશકત રાજપૂતાણી અને તેઓના પરિવારના પ્રશ્નો જેવા મહત્વના પડકાર પ્રશ્નો માટે જુદા-જુદા વક્તાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. તે ઉપરાંત અન્ય પ્રશ્નોની ચર્ચા અને વિચારણા કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં રાજયની કોઈપણ રાજપૂતાણી, નોકરી કરતી મહિલાઓ, વ્યવસાયિક મહિલાઓ, વિદ્યાર્થીનીઓ, અને ગૃહિણીઓ હાજર રહેશે. રાજપૂત સમાજની મહિલાઓ સામેના પ્રશ્નો અને ભવિષ્યના પડકારો અંગે કોન્ફરન્સમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે.



## કલેક્ટર કચેરી ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

લોકસભાની ચુંટણી માટે ઉમેદવારો ફોર્મ ભરવા માટે વાજતે-ગાજતે ટેકેદારો અને કાર્યકરો સાથે મોટીસંખ્યામાં આવશે. આજ થી ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થયો છે. જેથી કલેક્ટર કચેરીની આસપાસનો ભાગ કોર્ડન કરી લેવાયો છે. કચેરી આસપાસ વાહનનો ખડકલો ના સર્જાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે લોખંડી પહેરો ગોઠવી દીધો છે.

# ચિલોડાના જૈમિન પટેલ ઈફકોમાં ડાયરેક્ટ ડેલીગેટ પદે

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ધી ચિલોડા સેવા સહકારી મંડળી દિનપ્રતિદિન પ્રગતિના સોપાનો સર કરવામાં અગ્રેસર રહેવા પામી છે. જેમાં મંડળીના સક્રિય ઉત્સાહી યુવા ચેરમેન, તાલુકા-ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર, ભાજપાના યુવા મોરચાના હોદ્દેદાર જૈમિન પટેલ સહકારી ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી સાથે અરવલ્લી,



બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા એમ છ જિલ્લામાંથી ઈફકોના સીધા પ્રતિનિધિ તરીકે વરણી થવા બદલ ચિલોડા સેવા સહકારી મંડળી તેમજ અન્ય મંડળીના હોદ્દેદારો, શુભેચ્છકો, મિત્રમંડળ, સ્નેહીજનો દ્વારા તેઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અભિનંદન પાઠવ્યા છે.